# સમર કેમ્પ

**તા. ૫/૫/ ૨૫ થી ૯/૫/૨૫ :** શાળાનાં ઉનાળું વેકેશનમાં સમયનો સદ્‌પયોગ થાય, બાળકો અભ્યાસ સિવાયના વિવિધ ક્ષેત્રાની જાણકારી મેળવે, પોતાની રૂચિ અનુરૂપ ક્ષેત્રમાં આગળ વધે છે. એ હેતુસર શાળામાં નિ:શુલ્ક સમર કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં શાળાનાં ધો- ૧ થીટ (ગુ.મા., અં.મા.) નાં ૧૯૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક તરીકે બીગ બી. અમિતાભ બચ્ચનનાં હમશકલ એકટર શ્રી મુકેશ ગઢવી (વડોદરા- ગુજરાતી, હિન્દી ફિલ્મી એકટર, કવિ, ગઝલકાર)** ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે બચ્ચનશ્રીનાં ડાયલોગ અને બાળકો સાથે ડાન્સ કરીને બાળકોને આનંદ વિભોર કરી મૂકયા હતાં. તદ્‌ઉપરાંત **તજજ્ઞશ્રી ડૉ. રોશની દવે (સ્ત્રી આરોગ્ય કેન્દ્ર, ભરૂચ) એ મેડીટેશન, નરગીસ પરમાર (યોગા ટ્રેનર), આકાશ ભાવસાર (કોરિયોગ્રાફર),** તથા શાળાનાં શિક્ષકો અરવિંદભાઇ પરમાર, શૈલેન્દ્રસિંહ ગોહિલ, મોઇન રાજ, પારસ રાણા, દિવ્યા ભટ્ટ, નયનાબેન પટેલ, સુરેશભાઇ પ્રજાપતિ, સ્વાતીબેન, હિનાબેન વણકર, કૌશિકભાઇ મિસ્ત્રી, એલ.ડી. ભારદ્વાજ વગેરેએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી.

આ સમર કેમ્પનું સંચાલન શ્રીમતી વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય ગુ.મા. નોન ગ્રાન્ટેડ) તથા શિક્ષકશ્રી અરવિંદભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

| ક્રમ | સમય | તારીખ પ્રવૃતિ તજજ્ઞ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૫/૫/૨૫, સોમવાર | ૬/૫/૨૫, મંગળવાર | ૭/૫/૨૫, બુધવાર | ૮/૫/૨૫, ગુરૂવાર | ૯/૫/૨૫, શુક્રવાર |
| ૧ | ૮:૦૦ થી ૮:૧૫ | એરોબિક્સ | એરોબિક્સ | એરોબિક્સ | એરોબિક્સ | એરોબિક્સ |
| ૨ | ૮:૧૫ થી ૮:૪૫ | - સમર કેમ્પ ઉદ્‌ઘાટન સમારોહ | યોગા - નરગીસ પરમાર | વૈદિક ગણિત એબિક્સ ટ્રીક - સુરેશભાઇ પ્રજાપતિ | મેડીટેશન - રોશની દવે | ફિંગર ગેમ્સ/ વાઇબ્રેશ થેરાપી |
| ૩ | ૮:૪૫ થી ૯:૩૦ | એક પાત્રીય અભિનય અરવિંદભાઇ પરમાર | ભજન, દુહા-છંદ-ચોપાઇ -મોઇનભાઇ રાજ | ડાન્સ - આકાશ ભાવસાર | લોકગીત, ગાયન, સમૂહ ગીત - મોઇનભાઇ રાજ | અક્ષર સુધારણા - અરવિંદભાઇ પરમાર |
| ૪ | ૯:૩૦ થી ૧૦:૧૫ | હાસ્યનું હુલ્લડ -જુ. અમિતાભ બચ્ચન -શ્રી મુકેશ ગઢવી | વિજ્ઞાન ચમત્કાર - પારસબેન રાણા - દિવ્યાબેન ભટ્ટ | માઇન્ડ/હિલીગ પાવર ડેવલપમેન્ટ - પ્રજ્ઞાબેન પ્રજાપતિ | ગણિત ગમ્મત - કૌશિકભાઇ મિસ્ત્રી | મેથ્સ ટ્રીક - એલ.ડી. ભારદ્વાજ |
| ૫ | ૧૦:૧૫ થી ૧૧:૦૦ | શિસ્તબદ્ધ જીવન -શૈલેન્દ્રસિંહ ગોહિલ | વેસ્ટમાંથી બેસ્ટ - નયનાબેન પટેલ | પેપર ક્રાફટ - સ્વાતીબેન, હિનાબેન વણકર | સ્ટોન પેઇન્ટીગ - અરવિંદભાઇ પરમાર | પૂર્ણાહૂતિ |









